આકાશવાણી ભુજ

સમાચાર વાચક : વિરલ રાણા

કોમ્પ્યુટર રાઈઝ- શિવરામ ચૌધરી (પટેલ)

તારીખ:-20-09-2024 સમય:-સવારે 6.50 કલાકે

---

## ઉપરાષ્ટ્રપતિ – દમણ- દિવ મુલાકાત

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ આજથી દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવની ત્રણ દિવસની મુલાકાતે આવશે. કેન્દ્રશાસિત પ્રદેશની તેમની આ પ્રથમ મુલાકાત છે. આ દરમિયાન શ્રી ધનખડ અનેક માળખાકીય અને વિકાસ યોજનાઓની મુલાકાત લેશે અને તેનું ઉદ્ઘાટન કરશે. તેઓ આજે દમણના જામપોરમાં પક્ષીગૃહનું ઉદ્ઘાટન કરશે. તેઓ આરોગ્ય અને સુખાકારી કેન્દ્ર, સરકારી એન્જિનિયરિંગ કોલેજ અને રીંગણવાડા પંચાયત અને જમ્પરિન ખાતે રીંગણવાડા શાળાની પણ મુલાકાત લેશે.

**RNU અમદાવાદ**

---

NU BHUJ

# મુખ્યમંત્રી - સુરત ઈકોનોમિક ડેવ. પ્લાન

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું છે કે  સુરત પરિક્ષેત્રનો 'ઈકોનોમિક ડેવલપમેન્ટ પ્લાન 'વિકસિત ગુજરાતથી વિકસિત ભારત'નો લક્ષ્યાંક સિદ્ધ કરશે. ગ્રોથ હબ તરીકે સુરત ક્ષેત્રના 'ઈકોનોમિક ડેવલપમેન્ટ પ્લાન'નું મુખ્યમંત્રીએ ગઈકાલે સુરતમાં લોન્ચીંગ કર્યું હતું. ૨૦૪૭ સુધીમાં ભારતને ૩૦ ટ્રિલિયન ડોલર અર્થતંત્ર બનાવવાના લક્ષ્યને હાંસલ કરવા માટે શહેરી વિસ્તારોને સુનિયોજિત રીતે વિકસાવવાની કેન્દ્ર સરકારની યોજના હોવાનું તેમણે જણાવ્યું હતું..

રાજ્ય સરકારે ગુજરાતનું અર્થતંત્ર ૨૦૪૭ સુધીમાં સાડા ત્રણ ટ્રિલીયન ડોલર બનાવવાનું અને ૩૪ લાખ નવી રોજગારની તકોનું સર્જન કરવાનું લક્ષ્ય રાખ્યું હોવાનો પણ મુખ્યમંત્રીએ ઉલ્લેખ કર્યો હતો.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------------

# આઈ ખેડૂત પોર્ટલ

રાજ્યના ખેડૂતો સરકારની ખેડૂતલક્ષી યોજનાઓનો લાભ મેળવી શકે તે માટે આઈ-ખેડૂત પોર્ટલ ખુલ્લું મૂકાશે..આઈ-ખેડૂત પોર્ટલ વિવિધ જિલ્લા માટે તબક્કાવાર સાત દિવસ માટે અરજીઓ મેળવવા ખુલ્લું રખાશે.

કચ્છ સહિત રાજકોટ, મોરબી, જામનગર, દેવભૂમિ દ્વારકા, સુરેન્દ્રનગરમાં જિલ્લાના ખેડૂતો આગામી તારીખ  ૨૧ થી ૨૭ સપ્ટેમ્બર સુધી સવારે ૧૦.૩૦ વાગ્યાથી સહાય મેળવવા માટે પોર્ટલ ઉપર અરજી કરી શકશે.ખેતીવાડીની યોજના હેઠળ લાભ મેળવવા માગતા હોય તેવા ખેડૂતમિત્રોને અરજી કરવા કચ્છ જિલ્લા ખેતીવાડી અધિકારી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------------

## વિશ્વ ખાધ પરિષદ - દિલ્હી

રાજ્યના કૃષિ અને પશુપાલન મંત્રી રાઘવજી પટેલે દિલ્હી ખાતે 'વિશ્વ ખાદ્ય પરિષદ' માં 'ગુજરાત પેલેટ ઓફ ન્યુટ્રિશન: અ રેસિપિ ફોર વિકસિત ભારત @2047' થીમ પર આધારિત રાજ્યના પ્રદર્શનીનું ઉદ્ઘાટન કર્યું. આ સમિટમાં ગુજરાત ભાગીદાર રાજ્ય તરીકે હિસ્સો લઇ રહ્યું છે. આ ચાર દિવસીય પરિષદનું 22 સપ્ટેમ્બરે દિલ્હીના ભારત મંડપમ ખાતે સમાપન થશે.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------

## રેડ એન્ડ સ્ટેટ મેરેથોન – કચ્છ યુનિ

રાજ્યમાં નાગરિકોમાં એચઆઈવી એઈડસ અંગે જાગૃતિ આવે તે માટે રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, કચ્છ યુનિવર્સિટી અને શ્રી સેવાનિધિ ટ્રસ્ટ અંજારના સંયુક્ત ઉપક્રમે ભુજમાં કચ્છ યુનિવર્સિટી ખાતે આજે સવારે રેડ રન સ્ટેટ મેરોથોનનું આયોજન કરવામાં આવ્યું છે. શાળા, કોલેજમાં અભ્યાસ કરતા 18થી 25 વર્ષના યુવાનો સહિત નાગરિકો આ પાંચ કિલોમીટર લાંબી મેરેથોનમાં જોડાશે.

**મા.ખા**

---------------------------------------------------------------------

## માંડવી બીચ સફાઈ – વન વિભાગ

આવતીકાલે ૨૧મી સપ્ટેમ્બરને “ઇન્ટરનેશનલ કોસ્ટલ ક્લીનપ ડે” તરીકે વિશ્વ કક્ષાએ મનાવવામાં આવે છે. ભારત સરકારના વન પર્યાવરણ અને ક્લાઇમેન્ટ ચેન્જ વિભાગ દ્વારા બીચ સફાઈના કાર્યક્રમ માટે માંડવી ખાતે બિચની સફાઈનો કાર્યક્રમ યોજવામાં આવશે, સાથે સાથે દરિયાઈ જીવસૃષ્ટિ તથા તેના મહત્વ અંગેના જાગૃતિ કાર્યક્રમ વન વિભાગ દ્વારા હાથ ધરવામાં આવશે. આ ઉપરાંત મિશન લાઈફ તથા એક પેડ મા કે નામ હેઠળ વૃક્ષારોપણ કરવામાં આવશે.

**મા.ખા**

---

## અંબાજી – ભાદરવી પૂનમ મેળો

શક્તિપીઠ અંબાજી ખાતે ૧૨થી ૧૮મી સપ્ટેમ્બર દરમિયાન યોજાયેલ ભાદરવી પૂનમના મહામેળામાં અંદાજે ૩૨ લાખ ૫૪ હજારથી વધુ શ્રદ્ધાળુઓએ 'માં અંબા'ને શિશ ઝુકાવ્યું હતું. મહામેળામાં અંદાજે બે કરોડ ૬૬ લાખ રૂપિયાથી વધુની રોકડ અને ૫૦૦ ગ્રામથી વધુ સોનાનું દાન મળ્યું છે.

**RNU અમદાવાદ**

---

## સ્વચ્છતા અભિયાન – ગ્રામ વિકાસ એજન્સી

રાજ્યભરમાં ચાલી રહેલા 'સ્વચ્છતા અભિયાન' અંતર્ગત કચ્છમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અંતર્ગત ચાલતી સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ શાખા દ્વારા જિલ્લાના તમામ ગામડાઓમાં સ્વચ્છતાનો સંદેશ આપવા ગ્રામ્યસ્તરે શાળાના બાળકો દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી.

**મા.ખા**

---

## પોષણ માહ ઉજવણી – આઈસીડીએસ- કચ્છ

પોષણ માહની ઉજવણી અતર્ગત કચ્છમાં આંગણવાડી ખાતે વિવિધ પ્રવૃતિઓ કરવામાં આવી હતી. રાપર તાલુકાના બાલાસર અને માંડવી તાલુકાના શિરવા આંગણવાડી કેન્દ્રમાં સગર્ભા માતાઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તો ભુજ તાલુકાના કોટડા ચકાર ખાતે કઠપુતળીના નાટકના માધ્યમથી પોષણ સહેલી દ્વારા પોષણ અંગે માહિતી આપવામાં આવી હતી.

**મા.ખા**

---

# ભુજ નગરપાલિકા – સેવા સેતુ કાર્યક્રમ

આજે ભુજ નગરપાલિકા દ્વારા વોર્ડ નંબર 1થી 6ના નાગરિકો માટે વિવિધ સેવાનો લાભ લેવા સેવા સેતુ કાર્યક્રમ સેતુ ઓફિસ સરપટ નાકા ખાતે યોજાશે. નાગરિકોને જરૂરી આધાર પુરાવા સાથે સેતુ કાર્યક્રમનો લાભ લેવા ભુજ નગરપાલિકા દ્વારા અનુરોધ કરાયો છે.

**N.P**

--------------------------------------------------------------------------

# ક્રિકેટ

ચેન્નાઇના એમએ ચિદમ્બરમ સ્ટેડિયમ ખાતે ભારત અને બાંગલાદેશ વચ્ચે ગઈકાલથી શરૂ થયેલી પ્રથમ ટેસ્ટ મેચમાં ભારતે છ વિકેટે 339 રન કર્યા હતા. આર અશ્વિને કારકિર્દીની છઠ્ઠી ટેસ્ટ સદી નોંધાવી હતી અને 102 રને અને રવિન્દ્ર જાડેજા 86 રને અણનમ હતા.

**A.N**

--------------------------------------------------------------------------

RNUBHUJ